# આપણું યુજીવીસીએલ

શુભ દીપાવલી-નૂતનવર્ષાભિનંદન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૮, ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦



## પાટણ ખાતે ખેડૂતો માટેની ‘કિસાન સૂર્યોદય’ યોજનાનો ઇ-શુભારંભ કાર્યક્રમ



નવનિર્મિત મકાનનો લોકાર્પણ



શ્રી પી.જે. ત્રિવેદીને સન્માન



એકતા મોલનું લોકાર્પણ

## આ અંકમાં


**અંક-૫૮**
**ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી)
શ્રી જે. એન. પંચોલી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com

## આ અંકનાં આકર્ષણો...


**દીપાવલી સંદેશ ૦૩**

**કારકિર્દી ૦૫**
- ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી જે.એન. પંચોલી................ ૦૫





**રક્તદાન શિબિર ૦૬**
- હિંમતનગર સર્કલ ખાતે 'રક્તદાન' શિબિર યોજાઈ.......... ૦૬
- કેવડિયા ખાતે એકતા મોલનું લોકાર્પણ................ ૦૭
- નોવેલ કોરોનાના રેપિડ ટેસ્ટ માટેનું કોર્પોરેટ ઓફિસ ખાતે આયોજન........................ ૦૭

**ઈ-શુભારંભ ૦૮**
- પાટણ ખાતે ખેડૂતો માટેની 'કિસાન સૂર્યોદય' યોજનાનો ઇ-શુભારંભ કાર્યક્રમ ....... ૦૮

**વિદાય ૧૧**
- શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઇજનેરની સન્માનભેર વિદાય.................................. ૧૧

**લોકાર્પણ ૧૨**
- ભિલોડા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ................ ૧૨

**સંક્ષિપ્ત સમાચાર ૧૪**
- જનસેવા કેન્દ્રનું અડાલજ ખાતે લોકાર્પણ................ ૧૪
- અભિનંદન.......................................... ૧૪
- આવકાર............................................ ૧૪
- યુજીવીસીએલ પરિવારનું ગૌરવ......................... ૧૪
- શ્રી એચ.એમ. શાહ, કાર્યપાલક ઇજનેરની સન્માનભેર નિવૃત્તિ.................................. ૧૫
- CGRFના સ્વતંત્ર સભ્ય તરીકે ડૉ. દિનેશભાઈ કાપડીયાની GERC દ્વારા નિયુક્તિ....... ૧૫



**આગામી વર્ષમાં આપ સૌ પારિવારિક જીવનમાં તથા કાર્યલક્ષી જીવનમાં પ્રગતિના પથ પર સતત વિકાસ કરતા રહો, ખુશાલી અને સંતોષથી સંપન્ન રહો તેવી અભ્યર્થના સાથે પ્રકાશના પર્વ દિવાળી નિમિત્તે હું આપને તથા આપના પરિવારના સભ્યોને દિવાળીની શુભકામનાઓ અને નૂતન વર્ષના હાર્દિક અભિનંદન પાઠવું છું.**



## ઉજાસના મંગળ પર્વે ઉમંગભરી દિવાળી અને શુભદાયી નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...

**પ્રિય કર્મચારી મિત્રો,**

પ્રકાશ સાથે આપણો તો હંમેશનો સંબંધ છે, તેમ છતાં ઉજાસભર્યા દિવસો આપણા જીવનમાં ચોક્કસપણે નવા ઉત્સાહનો સંચાર કરે છે. ઉમંગનું આ પર્વ તેમ જ વિક્રમ સંવત ૨૦૭૭નું આગામી નૂતન વર્ષ આપ સૌ તેમજ આપણી કંપની માટે મંગલકારી નીવડે અને આપ તથા આપના પરિવારની મનોકામનાઓ પરિપૂર્ણ થાય અને સૌ સિદ્ધિનાં સોપાન સર કરો તેવી અભિલાષા વ્યક્ત કરું છું.

આશાઓ અને નવા સંકલ્પોથી શોભતા આગામી વર્ષમાં આપ સૌ પારિવારિક જીવનમાં તથા કાર્યલક્ષી જીવનમાં પ્રગતિના પથ પર સતત વિકાસ કરતા રહો, ખુશાલી અને સંતોષથી સંપન્ન રહો તેવી મારી હાર્દિક અભ્યર્થના છે.

૨૩ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ સાથે ઉત્તર ગુજરાતના ૩૫ લાખથી વધુ ગ્રાહકોને અવિરત, વિના વિક્ષેપે વીજ વિતરણ કરી રહેલ આપણી કંપનીએ આપ સૌના સહિયારા પુરૂષાર્થથી સફળતાનાં શિખરો સર કર્યાં છે. કોરોનાની મહામારી સાથે વીતેલા વર્ષમાં સંક્રમણકાળના સૌથી મુશ્કેલભર્યા લોકડાઉનમાંથી અનલોકના તબક્કાઓમાં તેમજ ભારે વરસાદના સંજોગોમાં પણ સૌએ કર્તવ્યનિષ્ઠા તથા ખૂબ જ હિંમત અને ખૂબ સાવચેતી સાથે સફળ કામગીરી કરેલ છે, જેની હકારાત્મક અસરો આપણે અનુભવી છે.

આ વર્ષ દરમ્યાન કપરા કાળ વચ્ચે પણ આપણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા શ્રેષ્ઠ ડિસ્ટ્રીબ્યુશનની કામગીરી અંગે અને AT&C Losses And Power Reliability through Feeder Bifurcation માટે સ્કોચનો સિલ્વર એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

હાલમાં વીજ સલામતી અંગે જાગૃતતા કેળવાય તે માટે ઠેર ઠેર હોર્ડિંગ, સ્ટીકરો, વીજ સલામતી રથ અને નાટકો દ્વારા સાવચેતી તેમજ જીએસઆરટીસી બસના માધ્યમથી વીજ સલામતીનો સંદેશ, તેમજ વીજ સલામતી અંગેની તાલીમ દ્વારા વીજ અકસ્માત રોકવા માટે આપણે કેટલા સંવેદનશીલ છીએ તેનો પરિચય આપી રહ્યા છીએ. આગામી તા. ૧૪થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન વીજ બચત સપ્તાહની ઉજવણી દ્વારા વીજ બચત અંગે જાગૃતિ કેળવવાનો પણ પ્રયાસ કરીશું.

સહિયારા પુરુષાર્થ દ્વારા આપણામાં રહેલી ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરીને સફળ કામગીરી સતત કરતા રહીશું તે અભ્યર્થના સાથે ફરી વાર દિવાળીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન!

**મહેશ સિંઘ,** આઇએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

## દીપાવલી સંદેશ



દિવાળીના તહેવારનો ભારતીય સંસ્કૃતિમાં ઉજાસના તહેવાર તરીકે મહિમા છે. સૌના ઘરમાં અને જીવનમાં ખુશાલી લાવતા, ઉત્સવના આ દિવસો આપને માટે પણ પરમ હિતકારી નીવડે તેવી મારી પ્રાર્થના.

એ સાથે, વિક્રમ સંવત ૨૦૭૭નું નૂતન વર્ષ આપ સર્વેના કુટુંબીજનો તથા આપને સુખ, શાંતિ અને સમૃદ્ધિથી સંપન્ન તથા આરોગ્યપ્રદ રહે તેવી હાર્દિક શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

આપ સર્વેના સહિયારા પુરૂષાર્થથી આપણી કંપની ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ છે. મિત્રો, અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરવાની સિદ્ધિ સાથે આપણું સ્થાન જાળવી રાખી વિવિધ ક્ષેત્રમાં સફળતાનાં શિખરો સર કરતા રહીએ તે માટે પરમ કૃપાળુ પરમાત્મા આપણને સૌને શક્તિ અર્પે તેવી અભ્યર્થના.

ફરી એક વાર, ખુશાલીભરી દિવાળીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન!

**પી. બી. પંડ્યા**
મુખ્ય ઇજનેર (ઓપરેશન)

## દીપાવલી સંદેશ



વિક્રમ સંવત ૨૦૭૭નું નૂતન વર્ષ આપ સર્વેના જીવનમાં ખુશાલીનો ઉજાસ લાવે તેવી શુભેચ્છાઓ. નૂતન વર્ષની શરૂઆત નવી આશાઓ, તેજસ્વી દિવસો અને નવાં સપનાંઓ સાથે થાય તેવી અભ્યર્થના સાથે શુભદીપાવલી અને નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

મિત્રો, આ શુભ પર્વ નિમિત્તે, પ્રોક્યોરમેન્ટની કામગીરી સંલગ્ન આપ સર્વે પાસેથી હું એક સંકલ્પ ઇચ્છું છું – આપણે સૌ એવા પ્રયાસ કરીએ, જેથી કંપનીની ઇન્વેન્ટરી કંટ્રોલમાં રહે. જરૂરિયાત મુજબની માલસામગ્રી આપણી પાસે હંમેશા હોવી જોઈએ અને બિનજરૂરી સ્ટોક જે કંપનીના નાણા અને જગ્યા રોકે છે તે અટકવી જોઈએ.

ટૂંકમાં આદર્શ ઇન્વેન્ટરીની વ્યવસ્થા દ્વારા કંપનીના નિર્ધારિત લક્ષ્યાંકો ખૂબ જ સરળતાથી પ્રાપ્ત કરી શકીએ તેવી વ્યવસ્થાનું નિર્માણ થાય તેવા અનુરોધ સાથે ફરી વાર નૂતન વર્ષાભિનંદન અને ઉમંગભરી દિવાળીની શુભેચ્છાઓ!

**વી.એમ. શ્રોફ**
મુખ્ય ઇજનેર (પી)



વિક્રમ સંવત ૨૦૭૭ના વર્ષના ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દિવાળીનું પર્વ આપ સર્વેના ઘરના આંગણમાં ધન, ધાન્ય, સુખ અને સમૃદ્ધિ લાવે એવી હાર્દિક શુભેચ્છાઓ સાથે શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

વીતેલા વર્ષ સં. ૨૦૭૬માં કોરોના મહામારીને લીધે આપણી હિસાબી કામગીરીનું આવક-જાવકનું સરવૈયું કંપનીની આર્થિક પરિસ્થિતિ માટે દિશાસૂચક રહ્યું છે. મને એ વાતનો અત્યંત આનંદ છે કે કંપનીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના સંનિષ્ઠ પ્રયાસોથી તથા કંપનીના તમામ વિભાગ દ્વારા કપરી પરિસ્થિતિમાં પણ કરવામાં આવેલ કામગીરીને લીધે આપણે આર્થિક પરિસ્થિતિને યોગ્ય રીતે જાળવી રાખવામાં સક્ષમ રહ્યા છીએ.

આગામી સમયમાં પણ આપણને પરિશ્રમ દ્વારા આપણી આર્થિક પરિસ્થિતિ વધુ મજબૂત થાય તે દિશામાં કામ કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેવી અભ્યર્થના.

**જે.એન. પંચોલી**

ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)



## કારકિર્દી

# ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ) તરીકે કાર્યભાર સંભાળતા શ્રી જે.એન. પંચોલી

શ્રી જે.એન. પંચોલીએ તા. ૩-૫-૧૯૯૭માં ચીફ એકાઉન્ટ્સ ઓફિસર તરીકે અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ, ત્યારબાદ તા. ૧-૭-૨૦૦૬ના રોજ ચીફ ફાઇનાન્સ મેનેજર તરીકે બઢતી પ્રાપ્ત કર્યા પછી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં પોતાની ફરજ બજાવેલ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ ખાતે પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવી રહેલ.

તા. ૩૧-૮-૨૦૨૦ના રોજ મહાપ્રબંધક (નાણાં), શ્રી આર.બી. કોઠારી વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં તા. ૧-૯-૨૦૨૦થી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા શ્રી પંચોલીની કાર્યદક્ષતાને ધ્યાનમાં લઈને ઇન્ચાર્જ જનરલ મેનેજર (નાણાં) તરીકે સેવા આપવાની દરખાસ્ત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને કરવામાં આવેલ. જે અન્વયે તા. ૧-૯-૨૦૨૦થી રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે જીયુવીએનએલની ફરજો ઉપરાંત યુજીવીસીએલની ફરજ પર હાજર થયેલ છે.

ગુજરાત વિદ્યુત બોર્ડ અને કંપનીકરણ બાદ કુલ ત્રેવીસ વર્ષથી વધુ સમય માટે શ્રી પંચોલી એકાઉન્ટ વિભાગમાં ફરજ નિભાવી રહેલ છે. ત્રેવીસ વર્ષના અનુભવ બાદ અનુભવી કાર્યક્ષમ અને પ્રમાણિક અધિકારી તરીકે આગવી ઓળખ ઊભી કરનાર શ્રી પંચોલી યુજીવીસીએલના હિસાબી વિભાગનો સર્વોચ્ચનો હોદ્દો ગ્રહણ કરતાં કંપનીમાં ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ જાણવા મળેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમની ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)ની ફરજ માટેની નિયુક્તિ અંગે તેઓશ્રીને અભિનંદન પાઠવેલ છે.

યુજીવીસીએલ પરિવાર આવા અનુભવી, કાર્યક્ષમ અને પ્રમાણિક અધિકારીની નિયુક્તિને આવકારે છે અને તેમની નિશ્રામાં હિસાબી વિભાગ યશસ્વી કામગીરી કરી અગાઉ તેમના હસ્તક પ્રાપ્ત કરવામાં આવેલ આઈસીડબલ્યુઆઈએનો 'એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ' એવોર્ડ ૨૦૦૭ની તેની યાદગીરીના સંભારણાને ધ્યાનમાં લઇને સફળ કામગીરી માટે શુભેચ્છા પાઠવે છે. ■

# હિંમતનગર સર્કલ ખાતે 'રક્તદાન' શિબિર યોજાઈ








તા. ૭-૯-૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબાના હિંમતનગર સર્કલ ખાતે રેડક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચઆર) ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્ય કરીને કરવામાં આવેલ. સદર શિબિરમાં હિંમતનગર સર્કલના તાબા હેઠળની કચેરીઓમાંથી કુલ ૮૩ (ત્યાંશી) જેટલા કર્મચારીઓએ રક્તદાન કરેલ. 'રક્તદાન એ મહાદાન' સૂત્રને ચરિતાર્થ કરતા આ કાર્યક્રમમાં શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગરના આમંત્રણને માન આપીને તેમજ 'રક્તદાન'ની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના હેતુથી હિંમતનગરના અગ્રગણ્ય સામાજિક કાર્યકરો, શ્રી કાંતિભાઈ શાહ, શ્રી નાનુભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ શાહ, શ્રી મનનભાઈ મહેતા, ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારેલ.



> "દાન તો ગુજરાતીના લોહીમાં જ છે, તો લોહીનું દાન કેમ નહીં? નિયમિત રક્તદાન કરીએ"

અપેક્ષા કરતા વધુ સંખ્યામાં રક્તદાન કરવા માટે આવેલ કર્મચારીઓને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઇજનેરનો જન્મદિવસ હોવાથી તેમના તરફથી તમામ રક્તદાન કરનારને યાદગીરીરૂપે મોમેન્ટો ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ પ્રસંગે રક્તદાન કરનાર તમામ કર્મચારીઓનો શ્રી પી.સી. શાહ દ્વારા ઉમદા કામગીરી માટે હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ તેમજ હિંમતનગર સર્કલના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહના નેતૃત્વ હેઠળ, ઇન્ચાર્જ કાર્યપાલક ઇજનેર, શ્રી વિકાસભાઈ બારોટ અને કાર્યવાહક સહાય સચિવ શ્રી રમેશભાઈ લિંબાચીયા દ્વારા સૂચિત કર્મચારીઓની ટીમ દ્વારા સફળ રીતે કરવામાં આવેલ. કંપની માત્ર વીજ વિતરણની કામગીરી જ નહીં પરંતુ અન્ય સામાજિક કામગીરી પ્રત્યે પોતાના ઉમદા અભિગમ ધરાવે તેવું આ કાર્યક્રમથી પ્રતિપાદિત થયેલ છે. ■

## ૬૮મી વખત રક્તદાન બદલ અભિનંદન



સાણંદ પેટા વિભાગીય કચેરી ખાતે નાયબ ઇજનેર તરીકે ફરજ બજાવતા, શ્રી સુધીરભાઈ પ્રજાપતિ દ્વારા તાજેતરમાં ૬૮મી વખત રક્તદાન કરીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલ. વખતો વખત જ્યારે કોઈ વ્યક્તિને રક્તની જરૂરિયાત હોય ત્યારે આપવામાં આવેલ. તાજેતરમાં એમના માતૃશ્રીની સ્પાઇન સર્જરી માટે રક્ત આપીને પોતાની માતા પ્રત્યેનું ઋણ અદા કરેલ. આમ કુલ ૬૮ વખત રક્ત આપીને માનવતાનું કાર્ય કરેલ છે. યુજીવીસીએલ પરિવાર સતત અનુદાન કરવા બદલ ગૌરવની લાગણી રક્તદાન છે અને ભવિષ્યમાં પણ ખૂબ સારી સ્વાસ્થ્યની જાળવણી સાથે રક્તદાન કરતા રહે તેવી અભ્યર્થના સાથે અભિનંદન પાઠવે છે.

# કેવડિયા ખાતે એકતા મોલનું લોકાર્પણ





વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૩૦ ઓક્ટોબરના રોજ કેવડિયા ખાતે મુલાકાત લીધેલ. મુલાકાત સમયે રાજ્યપાલ, શ્રી આચાર્ય દેવવ્રત તથા રાજ્યના મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેલ.





સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંકલિત વિકાસ માટે અલગ અલગ ૧૭ જેટલા પ્રોજેક્ટ ૪ (ચાર) નવા પ્રોજેક્ટના શિલાન્યાસ કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ કે જેઓ ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GSHHDCL)માં પણ મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે. જેમના તાબા હસ્તકના 'એકતા મોલ'નું લોકાર્પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે.

લોકપ્રિય વડાપ્રધાનશ્રી દ્વારા Go local Go vocalના સૂત્રને ચરિતાર્થ કરી સ્થાનિક ઉત્પાદિત થયેલ વસ્તુઓ દ્વારા આત્મ નિર્ભર કરવા આહવાન કરેલ જે અન્વયે સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે તેવા પટોળા, ટાંગલીયા, મશરૂ, કચ્છી શાલ, બાંધણી, હેન્ડ બ્લોક પ્રીન્ટિંગ, અઝરખ, લેકર પેઈન્ટિંગ, રોગાન આર્ટ, લાકડા ઉપરનું નક્શી કામ કરેલ ચીજ વસ્તુઓને પ્રોત્સાહન આપેલ છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા 'એકતા મોલ' ચલાવવા માટે અધિકૃત કરેલ ૨૦ દુકાનો પૈકી ૪ મોટી દુકાનો છે જ્યારે ૧૬ નાની દુકાનોનો સમાવેશ થાય છે. ■

# નોવેલ કોરોનાના રેપિડ ટેસ્ટ માટેનું કોર્પોરેટ ઓફિસ ખાતે આયોજન

માર્ચ ૨૦૨૦થી સમગ્ર વિશ્વમાં મહામારી બની ચુકેલ કોરોના વાયરસને નાથવા માટે સમગ્ર વિશ્વમાં પ્રયાસો ચાલુ છે ત્યારે પોતાના કર્મચારીઓ માટે હંમેશા સંવેદનશીલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની મહેસાણા કોર્પોરેટ ઓફિસ દ્વારા કેમ્પસમાં આવેલ પેટા વિભાગીય, વિભાગીય અને વર્તુળ કચેરીના તમામ કર્મચારીઓનો રેપિડ ટેસ્ટ કરવામાં આવેલ તેમજ પ્રતિરક્ષક આર્યુવેદિક દવાઓ પૂરી પાડવાનું આયોજન તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૦થી તા. ૧૧-૯-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ. જે માનવ આશ્રમ આરોગ્ય કેન્દ્ર, વિસનગર રોડ મહેસાણાના સહયોગથી યોજાયેલ. આ કાર્યક્રમમાં ડો. શ્વેતાબેન અને ડો. ભૂમિકાબેનની ટીમ દ્વારા આ સમય દરમ્યાન કુલ ૩૩૦ (ત્રણસો ત્રીસ) જેટલા કર્મચારીઓનો ટેસ્ટ કરેલ જે પૈકી ૩૧૭ નેગેટીવ આવેલ જ્યારે ૧૩ (તેર) જેટલા પોઝિટિવ કેસની જાણકારી મળતા તુરંત જ સમય સુચકતાથી સારવાર હાથ ધરવામાં આવેલ જે પાછળથી તમામ કર્મચારીઓ સાજા થઈ ગયેલ છે. ■









# પાટણ ખાતે ખેડૂતો માટેની 'કિસાન સૂર્યોદય' યોજનાનો ઈ-શુભારંભ કાર્યક્રમ

ભારતના લોકપ્રિય વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ પાટણ ખાતે ખેડૂતો માટેની 'કિસાન સૂર્યોદય' યોજનાનો ઈ-શુભારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ ઈ-શુભારંભ યોજનાના પ્રસંગે દિલ્હી ખાતેથી વર્ચ્યુઅલી ભારતના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, અમદાવાદ ખાતેથી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ



ઉદ્બોધન

મુખ્યમંત્રી, માનનીય શ્રી નીતિનભાઈ પટેલ અને જૂનાગઢ ખાતેથી ઊર્જામંત્રી, માનનીય શ્રી સૌરભભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. પાટણ ખાતે માનનીય મંત્રી, શ્રી દિલીપકુમાર વિરાજી ઠાકોર, શ્રમ અને રોજગાર, આપત્તિ વ્યવસ્થાપન, યાત્રાધામ વિકાસ, માનનીય શ્રી ભરતસિંહ ડાભી, સંસદસભ્ય લોકસભા, શ્રી બલવંતસિંહ રાજપૂત, ચેરમેનશ્રી, જીઆઈડીસી, ગાંધીનગર, શ્રી વિનુભાઈ પ્રજાપતિ, પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, પાટણ, શ્રી મહેન્દ્રભાઈ કે. પટેલ, પ્રમુખશ્રી, નગરપાલિકા, પાટણ, શ્રી કે.સી. પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી રાજકીય આગેવાન, શ્રી મયંકભાઈ નાયક, રાજકીય આગેવાન, પાટણ જિલ્લો, શ્રી આઇ.એમ. ભાવસાર, ચેરમેન, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA), શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી (IAS), કલેક્ટરશ્રી, પાટણ, શ્રી મહેશ સિંઘ (IFS), મેનેજિંગ ડિરેક્ટરશ્રી, યુજીવીસીએલ, શ્રી અક્ષયરાજ મકવાણા (IPS), પોલિસ અધિક્ષકશ્રી, પાટણ, શ્રી ડી.કે. પારેખ (IAS), જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણ, શ્રી સ્વપ્નીલ ખરે (IAS), પ્રાન્ત અધિકારીશ્રી, પાટણ તેમજ કંપનીના અને સરકારના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, ખેડૂતો અને પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન અલગ અલગ સમયે નિર્ધારીત ટાઈમ ટેબલ પ્રમાણે ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. રાત્રે વીજળી આપવામાં આવતી જેના કારણે જંગલી પશુઓનો, તેમજ જીવજંતુઓ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો



સન્માન

સામનો કરવો પડતો. ખેડૂતોની આ મુશ્કેલી દૂર કરવા ગુજરાત સરકાર દ્વારા 'કિસાન સૂર્યોદય' યોજના અન્વયે પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં યોગ્ય આયોજન કરીને માત્ર દિવસ દરમ્યાન જ વીજ પુરવઠો આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મહેસાણા અને પાલનપુર સર્કલના તાબા હેઠળના કુલ ૫૧૬ જેટલા ગામોને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

પાટણ જિલ્લાના ચાણસ્મા, હારીજ, પાટણ, રાધનપુર, સમી, શંખેશ્વર, સાંતલપુર, સરસ્વતી, સિદ્ધપુર તાલુકામાં આ બધા ગામોનો સમાવેશ થાય છે. કુલ ૫૭ જેટલા સબ સ્ટેશનો અને કુલ ૩૦૯ (ત્રણસો નવ) જેટલા ફીડરો પરથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે અને મહેસાણા સર્કલના કુલ ૧૧,૨૯૦ અને પાલનપુર સર્કલના ૫૦૬૦ ગ્રાહકો મળીને કુલ ૧૬૩૫૦ ગ્રાહકો સદર યોજનાથી લાભાન્વિત થશે.

ખેડૂતોના પ્રશ્નો માટે અતિ સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રાતનો ઉજાગરો ન કરવો પડે અને દિવસ દરમ્યાન સલામતી સાથે પોતાના ખેતરમાં પિયત તેમજ અન્ય કામગીરી કરી શકે તે ઉદેશથી 'કિસાન સૂર્યોદય' યોજના અમલમાં મુકી છે. દિવસે વીજ પુરવઠો મળે તેવી વ્યવસ્થા ખેડૂતો દ્વારા આવકારવામાં આવશે. ઉત્તર ગુજરાત વીજ કંપનીને સરકારશ્રી દ્વારા ખેડૂતલક્ષી કામગીરી માટે જે યોજનાઓ અમલ કરવાની સૂચના પાઠવવામાં આવે છે તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા હંમેશા પ્રતિબદ્ધતા દર્શાવેલ છે અને સફળ અમલીકરણ કરેલ છે જેમાં વધુ એક યોજનાનો ઉમેરો થયેલો છે.

કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘે ઉપસ્થિત મહાનુભાવોનું 'કિસાન સૂર્યોદય' યોજનાના ઈ-શુભારંભ કાર્યક્રમ પ્રસંગે હાજર રહેવા બદલ શબ્દોથી સ્વાગત કરેલ. કાર્યક્રમની શરૂઆત કોરોના મહામારી સામે સલામતી



ઉદ્બોધન

રાખવા માટેની જાહેરાત દર્શાવીને કરવામાં આવેલ. ત્યારબાદ દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવેલ અને વીજ સલામતી અંગેનું નાટક પ્રસ્તુત કરવામાં આવેલ. યુજીવીસીએલની 'એટ એ ગ્લાન્સ' અને વીજ સલામતી અંગેની ફિલ્મો દ્વારા કંપનીની માહિતી અને વીજ સલામતી અંગે જાગૃતિ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ.

માનનીય મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોરે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવેલ કે, વર્ષોથી ખેડૂતોની માંગણી હતી કે રાત્રીના સમયમાં આપવામાં આવતી વીજળી દિવસે આપવામાં આવે. જેની ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા ખાસ નોંધ લેવામાં આવેલ અને આપની તકલીફનું નિવારણ કરવાની સરકારે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવેલ છે. સર્વે ખેડૂત મિત્રોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ખેડૂતમિત્રોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં પાંચ તેમજ વર્ષ ૨૦૨૦-૨૧માં પાંચ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. તે જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૨૪ તેમજ વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૪ ખેતીવાડી ફીડરોનું બાયફરકેશન કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીની ઘર વપરાશના વીજ જોડાણ આપવાની કલ્યાણકારી યોજનાઓ જેવી કે અનુસૂચિતજાતિ તથા ઝુંપડપટ્ટી યોજનાઓનો ચાલુ વર્ષનો લક્ષ્યાંક પૂર્ણ કરેલ છે. ખાસ વાત કરું તો આપણા કાર્યક્ષેત્રમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ઉચ્ચ અધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓના હકારાત્મક અભિગમને લીધે અગાઉ પણ જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ કરીને સતત ચોવીસ કલાક ઉત્તર ગુજરાતના તમામ ગામડાંને સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ છે. આમ સરકાર દ્વારા ખેડૂતલક્ષી યોજનાઓમાં ખેડૂતોને સહાય થાય તેમજ તેઓને વીજ પુરવઠો મળી રહે તેવા તમામ પ્રકારના પ્રયાસો કરવામાં આવે છે.

ફરીવાર 'કિસાન સૂર્યોદય' યોજનાથી લાભાન્વિત થતાં મારા ખેડૂત મિત્રોને ખૂબ



નાટક

ખૂબ અભિનંદન પાઠવું છું. સાથે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પરીવારના અધિકારીઓને સફળ કામગીરી માટે અભિનંદન પાઠવું છું.

જૂનાગઢ ખાતેથી રાજ્યના ઊર્જામંત્રી, માનનીય શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી રાજ્યમાં વીજક્રાંતિની શરૂઆત થઇ ગઇ હતી. લોકોને ૨૪ કલાક વીજળી મળી રહે તે માટે શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજના શરૂ કરી હતી. જેથી ઉદ્યોગો પણ ગામડામાં જવા માંડ્યા હતા. લોકોનું શહેરીકરણ-સ્થળાંતર ઓછુ થયું. ખેડૂતોને ઝડપથી વીજ કનેક્શન મળે તે માટે સરકાર કટીબદ્ધ બની છે. સરકાર એક વીજ કનેક્શન માટે ખેડૂતને રૂ. ૧.૫૦ લાખની સબસીડી-સહાય આપી રહી છે. સરકાર ખેડૂતોના વીજળીના ભાવ પણ વધારતી નથી અને વધારાનો વીજભાર સરકાર ભોગવે છે. આ સરકાર ખેડૂતોની ચિંતા કરતી સરકાર છે.

ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તે માટે શરૂ થયેલ 'કિસાન સૂર્યોદય' યોજના માટે રાજ્ય સરકારને અનેક નવા સબસ્ટેશન, ટ્રાન્સમીશન, વીજ લાઇનો ઊભી કરવી પડશે. સોલાર રૂફ ટોપ યોજના અન્વયે ૧ લાખથી પણ વધુ લોકોને વીજળી આપવાનું કામ રાજ્ય સરકારે શરૂ કર્યુ છે. ગુજરાતમાં સોલાર અને વિન્ડ દ્વારા ૩૦ હજાર મેગા વોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે. વીજળી ઉત્પાદન કરવા કોલસો અને ગેસ મોંઘો પડે તે માટે રિન્યુએબલ એનર્જી ઉત્પાદન પર વિશેષ ભાર અપાશે તેમ ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યુ હતું.

જૂનાગઢ ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગામડામાંથી અંધારા ઉલેચ્યા હતા. ગુજરાતને ૨૪ કલાક વીજળી જ્યોતિગ્રામ યોજના થકી પુરી પાડવાનુ શરૂ કર્યુ હતુ. હવે 'કિસાન સૂર્યોદય' યોજના દ્વારા ગુજરાતના ખેડૂતોને દિવસે પણ વીજળી પુરી પડાશે. જેથી રાત ઉજાગરો કરીને હવે ખેડૂતોને ખેતીકામ નહીં કરવા પડે. ગુજરાતના તમામ ખેડૂતોને ૩ વર્ષમાં દિવસે પણ વીજળી પ્રાપ્ત થશે તેમ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી.

વર્ચ્યુલી ખેડૂતો માટેની 'કિસાન સૂર્યોદય' યોજનાનો ઇ-શુભારંભ કર્યા બાદ ભારતના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાટણ જિલ્લાના ખેડૂતોને સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત સામાર્થ્યવાન લોકોની ભૂમિ રહી છે અને ગુજરાતના અનેક મહાનુભાવોએ દેશને સામાજિક તથા આર્થિક નેતૃત્વ આપ્યુ છે. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલ જેવી વિભૂતિઓએ દેશ અને દુનિયાને નવી રાહ ચિંધી હતી. તે ગુજરાત આજે વિકાસ કામોની નવી પહેલથી નવી રાહ દેખાડી રહ્યું છે. ગુજરાતમાં આજે લોકાર્પિત થઇ રહેલા ત્રણેય પ્રોજેક્ટ શક્તિ, ભક્તિ અને સ્વાસ્થ્યના પ્રતિક છે.

ખેડૂતોના કલ્યાણ માટે ગુજરાતમાં 'સુજલામ સુફલામ' યોજના, 'સૌની યોજના' બાદ હવે 'કિસાન સૂર્યોદય' યોજના મારફત ગુજરાત ફરી એક વખત નવતર પહેલ સાથે આગળ આવ્યું છે. આ યોજના સીમાચિહ્નરૂપ બની રહેશે કારણ કે, તેમાં સર્વોચ્ચ પ્રાથમિક્તા ખેડૂતોને આપવામાં આવી છે. વીજળીના ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રમાં ગુજરાતમાં વર્ષોથી જે કામ થઇ રહ્યા છે, તે આ યોજનામાં આધારરૂપ બન્યા છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં એક સમય હતો કે જ્યારે વીજળીની ખૂબ જ તંગી રહેતી હતી. ૨૪ કલાક ગૃહ વપરાશ માટે વીજળી આપવી એ પડકાર હતો. છાત્રો માટે શિક્ષણની વાત હોય કે ખેડૂતોને સિંચાઇ અને

ઔદ્યોગિક પ્રવૃત્તિ થકી આવકની વાત હોય, આ તમામ બાબતો માટે વીજળી ખૂબ જ જરૂરી છે અને વીજ પુરવઠાની તંગીને કારણે આ બધાને અસર કરતું હતું.

આવા સમયે ગુજરાતમાં વીજળીના ઉત્પાદનથી લઇને તેના વિતરણ સુધીની તમામ બાબતોમાં સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરવા માટે મિશન મોડમાં કામ કરવામાં આવ્યું. ગુજરાત દેશનું પ્રથમ એવું રાજ્ય હતું કે, જેમણે એક દાયકા પૂર્વે સૌરઊર્જાના ઉત્પાદન માટે નીતિ બનાવી હતી. ૨૦૧૦માં પાટણમાં વિશાળ સોલાર પાવરનો પ્રારંભ કર્યો ત્યારે કોઇ કલ્પના પણ કરી નહોતી કે ભારત સમગ્ર દુનિયાને one sun, one world, one gridના રાહનું દિશા દર્શન કરશે, આજે ભારત સૌરઊર્જાના ઉત્પાદન અને તેના ઉપયોગની બાબતમાં દુનિયાના અગ્રણી દેશો પૈકી છે. છેલ્લા છ વર્ષમાં સૌરઊર્જાની બાબતમાં વિશ્વમાં પાંચમાં સ્થાને પહોંચી ગયું છે અને આ દિશામાં આપણો દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, જે લોકો કૃષિ અને ગામડા સાથે જોડાયેલા છે, તેમાંથી બહુ જ ઓછા લોકોને ખબર છે કે, ખેડૂતોને સિંચાઇ માટે બહુધા રાતે જ વીજળી આપવામાં આવે છે. રાતે પાવર મળતો હોવાથી પાકને પાણી પાવા માટે ખેડૂતોએ ઉજાગરા કરવા પડે છે. વન વિસ્તાર આસપાસ આવેલી ખેતીમાં પાણી પાવા રાતે ખેડૂતોને માથે હિંસક પ્રાણીના હુમલાનો પણ ખતરો રહે છે.

તેથી 'કિસાન સૂર્યોદય' યોજના થકી તેમને માત્ર સુરક્ષા જ નહીં, પણ ખેડૂતો માટે સુખ અને સુવિધાનો નવો સૂર્યોદય લાવી છે. ખેડતોને રાતને બદલે સવારના સમયે થ્રી ફેઝ વીજળી મળવાની બાબત ખેડૂતો માટે નવા સૂર્યોદય સમાન છે. આ માટે નવી ટ્રાન્સમિશન વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આવનારા ત્રણ વર્ષોમાં ૩૫૦૦ સર્કિટ કિલોમિટર લાઇન ઊભી કરી તમામ ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. પ્રારંભિક તબક્કે જે વિસ્તારમાં યોજના અમલમાં આવી છે, તેમાંથી બહુધા ખેડૂતો આદિવાસી



સફળ કાર્યક્રમના સૂત્રોધારો

વિસ્તારના છે.

ખેડૂતોની આવક બમણી કરવા માટે, કૃષિ પેદાશોની પડતર કિંમત નીચી લાવવા અને કૃષિકારોની મુશ્કેલી ઓછી કરવા માટે બદલતા સમય સાથે આપણે આપણા પ્રયત્નો વધારવા પડશે. ખેડૂતોને કોઇ પણ સ્થળે જણસો વેચવાની બાબતમાં સ્વતંત્રતા આપવાની હોય કે કિસાન સંગઠનના નિર્માણ, અટકી પડેલી સિંચાઇ યોજનાને પૂર્ણ કરવાની બાબત હોય કે પાક વીમા યોજનામાં સુધારો કરવા કે યુરિયાનું સંપૂર્ણપણે નિમ કોટિંગ કે



મીડિયા સાથે સંવાદ



કલેક્ટરશ્રી સાથે પરામર્શ

કરોડો ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાની બાબત હોય, તેનું લક્ષ્ય ખેડૂતોનું કલ્યાણ છે. ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે સતત નવતર પહેલ કરવામાં આવી છે.

અન્નદાતાને ઊર્જાદાતા બનાવવા માટે કુસુમ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ખેડૂતોને સોલાર પમ્પ કે પેનલ આપવામાં આવે છે અને તેમાં ખેડૂતો સિંચાઇ પમ્પ વાપરતા વધતી વીજળી વેંચી શકે છે. ૭૦.૫ લાખ ખેડૂતોને સોલાર પમ્પ લગાવવા માટે મદદ કરવામાં આવી રહી છે. તેથી ખેડૂતોને સિંચાઇમાં વીજળીની સુવિધા સાથે આવકમાં પણ વૃદ્ધિ થશે.

ગુજરાતે સિંચાઇ અને વીજળી સાથે પીવાના પાણીના ક્ષેત્રમાં પણ સુંદર કામ કર્યું છે તેમ કહેતા શ્રી મોદીએ ઉમેર્યું કે, ગુજરાતના બજેટનો એક મોટો હિસ્સો પીવાના પાણી માટે વપરાતો હતો, હવે મા નર્મદાના પાણી ઘરેઘરે નળ મારફત પહોંચ્યા છે.

તેમણે જનઔષધિ કેન્દ્ર, નવી મેડિકલ કોલેજના નિર્માણ સહિતની આરોગ્ય સેવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. અંતે શ્રી મોદીએ કોરોના વાયરસ સામે તકેદારી રાખવા સામાજિક અંતરના નિયમોનું પાલન કરવા, માસ્ક પહેરવા અને હાથ સેનિટાઇઝ કરતા રહેવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતમાં શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી (IAS), કલેક્ટરશ્રી, પાટણ દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અજય બારોટ દ્વારા કરવામાં આવેલ.

ભારતના સ્વપ્નદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામના વરદ્ હસ્તે લોકાર્પણ કરેલ. જ્યોતિગ્રામ યોજનાનું સમગ્ર રાષ્ટ્રમાં સૌથી પ્રથમ અમલીકરણ દ્વારા ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના નિર્ણય બાદ ફરી ઐતિહાસિક નિર્ણયના અમલીકરણ બદલ યુજીવીસીએલ ગૌરવની લાગણી અનુભવે છે. ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પોતાના માનવંતા ગ્રાહકોને "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાનો ધ્યેય ચરિતાર્થ કર્યો છે અને વધુ સારી સેવા આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે. આજના શુભદિને 'કિસાન સૂર્યોદય' યોજનાથી લાભાન્વિત થનાર તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને યુજીવીસીએલ હૃદય પૂર્વક અભિનંદન પાઠવે છે. ■

# શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેરની સન્માનભેર વિદાય

તા. ૧૮-૧-૧૯૮૫ના રોજ જુનિયર ઈજનેર (સિવિલ) તરીકે કારકીર્દિની શરૂઆત ગુજરાત વિદ્યુત બોર્ડથી હિંમતનગર પોલ ફેક્ટરી ખાતેથી થયેલ. સંસ્થાના હિતમાં તા. ૧૦-૫-૧૯૮૯ના રોજ ઈડર પોલ ફેક્ટરી ખાતે બદલી મેળવ્યા બાદ ફીલ્ડનો અનુભવ મેળવવા ધ્રાંગધ્રા સિવિલ સબડિવિઝન ખાતે વિનંતીથી બદલી માગેલ. તા. ૨૮-૩-૧૯૯૪ના રોજ કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવી ૧૨ વર્ષના લાંબા અનુભવ



સન્માન

બાદ તા. ૨૭-૬-૨૦૦૬ના રોજ સાબરમતી સર્કલ ખાતે વિનંતીથી બદલી મેળવેલ. તા. ૧૭-૧-૨૦૦૮ના રોજ યુજીવીસીએલની રજીટર્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મેળવેલ. ત્યારબાદ તા. ૧૬-૧૨-૨૦૧૩ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે બઢતી અને તા. ૧૬-૧૨-૨૦૧૩થી વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) તરીકે મહેસાણા ખાતે જ બઢતી મેળવી તા. ૩૦-૯-૨૦૨૦ના રોજ નિવૃત્ત થયેલ છે.

પોતાના સેવાકાળ દરમ્યાન કર્તવ્યનિષ્ઠ, પ્રમાણિક અને મહેનતુ અધિકારી તરીકે તેમણે હંમેશા ઉચ્ચ સત્તાધીશોનો વિશ્વાસ સંપદિત કરેલ. પોતાના કાર્યકાળ દરમ્યાન અગાઉના જીઈબી અને હાલના ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં નવીન ઓફિસોના બાંધકામ, સમારકામ, જાળવણી, જમીનનું સંપાદન કરવું, સબડિવિઝન માટે ભાડાના મકાનો નક્કી કરવા, ઈલેક્ટ્રીકલ વિભાગ સાથે સંલગ્ન અન્ડર ગ્રાઉન્ડ કેબલ્સ અંગેનું સિવિલ કામ, ઓફિસમાં અદ્યતન ફર્નિચર, નવા નવા વીજ પોલ વિતરકોને પ્રોત્સાહન, ગુણવત્તાવાળા વીજ પોલના ઉત્પાદન માટેના પ્રયાસો, કંપનીના કર્મચારીઓને આપવામાં આવતી હાઉસ બિલ્ડિંગ લોનની પ્રક્રિયા હાથ ધરવી વગેરે પ્રક્રિયાઓ ખૂબ સારી રીતે હાથ ધરવામાં આવેલ.

તેમના કાર્યકાળ દરમ્યાન



સન્માન

યુજીવીસીએલની કુલ ૬૮ જેટલી નવીન ઓફિસોનું નિર્માણ કરવામાં આવેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓમાં અગ્રેસરની કામગીરી હાથ ધરેલ છે. હાલમાં કુલ ૬ (છ) જેટલી ઓફિસોનું નિર્માણ કાર્ય ચાલુ છે જ્યારે તેથી વધુ નિર્માણ માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

હિંમતનગર અને પાલનપુર ખાતે ટાઈપ-૩ અને ટાઈપ-૪ના કર્મચારીઓ માટેના આવાસોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરેલ છે. ઘણી જગ્યાએ અન્ડર ગ્રાઉન્ડ કેબલની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. હાલમાં કુલ ૧૭૬ (એક સો છોતેર) ઓફિસો પૈકી કુલ ૩૯ (ઓગણ ચાલીસ) જેટલી ઓફિસો ભાડાના મકાનમાં કાર્યરત છે જે હવે પછી પોતાના મકાનમાં કાર્યરત થાય તેવા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે.

અન્ય વીજ વિતરણ કંપનીઓ પૈકી યુજીવીસીએલ એક માત્ર કંપની છે જેણે ૨૦૦ જેટલા ડબલ સર્કિટવાળા SPUN પોલ સરદાર પટેલ રીંગ રોડ નજીકમાં સ્થાપિત કરેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન કુલ ૨,૩૦,૯૦૦ જેટલા વીજ પોલ સુધી ઉત્પાદન પહોંચેલ છે. હાલમાં ૮ મીટર અને ૧૦ મીટરના પોલનો ઉપયોગ તમામ વીજ વિતરણ કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. વધુમાં ૧૨ મીટર સુધીના



ઉદ્‌બોધન

વીજ પોલનું ઉત્પાદન જરૂરિયાત પ્રમાણે થઈ શકે તેવી તૈયારી રાખવામાં આવેલ છે.

આમ તેમના કાર્યકાળ દરમ્યાન સિવિલ વિભાગ દ્વારા યશસ્વી કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમની યશસ્વી કામગીરીને છાજે તેવા વિદાય સમારંભના કાર્યક્રમમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યાએ તેમની સેવાઓને બિરદાવી નિવૃત્તિ બાદના શેષ જીવન માટે શુભેચ્છાઓ પાઠવેલ અને અન્ય અધિકારીઓ દ્વારા શાલ ઓઢાડીને તેમજ ભેટ સોગાદો આપીને નિવૃત્તિનો સમારંભ યાદગાર બનાવેલ.

આ પ્રસંગે તેમનાં ધર્મપત્ની શ્રીમતી દિનાબેન ત્રિવેદી જેમણે કંપનીની કામગીરી માટે સતત સહયોગ આપેલ તે ખાસ ઉપસ્થિત રહેલ. ■

# ભિલોડા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ


દીપ પ્રાગટ્ય


ઉદ્ઘાટન


તક્તિનું અનાવરણ

તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની હસ્તકની હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની ભિલોડા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનના લોકાર્પણ સમારંભનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના અધ્યક્ષ પદે કરવામાં આવેલ.

આ પ્રસંગે તેમના ધર્મપત્ની શ્રીમતી શાલીની સિંઘ ખાસ ઉપસ્થિત રહેલ. કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, પાલનપુર વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મહાપ્રબંધક (એચઆર), શ્રી એ.સી. પ્રજાપતિ, નાયબ મહાપ્રબંધક (આઈઆર), શ્રી વી.એચ. અસારી, અધિક્ષક ઈજનેર મહેસાણા, શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઈજનેર સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર હિંમતનગર, શ્રી પી.સી. શાહ તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીભાઈઓ-બહેનો અને પ્રિન્ટ તથા ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ભિલોડા કચેરીના પટાંગણમાં ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા સર્વપ્રથમ દીપપ્રાગટ્ય કરીને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે તક્તિનું અનાવરણ કરવામાં આવેલ ત્યારબાદ રિબન કાપીને


સ્વાગત


નિરીક્ષણ

નવનિર્મિત વિભાગીય કચેરીના મકાનનું ઉદ્ઘાટન કરીને લોકર્પણ કરવામાં આવેલ.

મકાનમાં ગણેશપૂજન કરી અને વિધિવત્ રીતે પ્રવેશ કર્યા બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા રંગોલીથી સુશોભિત નવનિર્મિત મકાનના દરેકે દરેક વિભાગનું ધ્યાનથી નિરીક્ષણ કરવામાં આવેલ.

કાર્યપાલક ઇજનેરશ્રીની ઓફિસમાં બેસીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા મકાન માટે કરવામાં આવેલ કામની વધુ વિગતો મેળવવામાં આવેલ અને સિવિલ વિભાગની કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરીને ખાસ અભિનંદન પાઠવેલ.

મકાનના લોકાર્પણ બાદ તેના ઉપલક્ષ્યમાં યોજવામાં આવેલ સમારંભની શરૂઆતમાં મઉ હાઈસ્કૂલ શાળાની બાળાઓ દ્વારા સુંદર પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ ત્યારબાદ અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા આમંત્રિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ પછી બૂકે દ્વારા ભારતીય સંસ્કૃતિની પરંપરાને અનુસરીને સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે તારીખ ૩૦-૯-૨૦૨૦ના રોજ નિવૃત્ત થઇ રહેલ વિશેષ મુખ્ય ઇજનેર, સિવિલ, શ્રી પી.જે. ત્રિવેદીના નિવૃત્તિ અંગેના સમારંભનું પણ આયોજન કરવામાં આવેલ.સમગ્ર જીવન દરમિયાન ખૂબ જ પ્રમાણિકતા અને નિષ્ઠાથી કામ કરવા બદલ કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શ્રી


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન

ત્રિવેદીનું શાલ અર્પણ કરીને તેમજ મોમેન્ટો આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ તથા વિશેષ મહાબંધક, શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

શ્રી ત્રિવેદીએ પોતાની સમગ્ર કારકિર્દી અંગેના યાદગાર પ્રસંગો સંભારણા તરીકે રજૂઆત કરેલ. પોતાનાં કાર્યકાળ દરમિયાન સંપર્કમાં આવનાર તમામ અધિકારીઓ તથા કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ. ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના વર્ષ૨૦૦૬થી ૨૦૨૦ સુધીના કાર્યકાળ દરમિયાન કુલ ૬૮ જેટલી નવીન ઓફિસોનું નિર્માણ સિવિલ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે તેનો ઉલ્લેખ કરીને સિવિલ વિભાગે એ તમામ વિભાગોની જરૂરિયાતોને સંપૂર્ણ રીતે સંતોષી હોવાનું તેમજ સિવિલ વિભાગ દ્વારા પોલ ફેક્ટરીને આપવામાં આવેલ વીજપોલના કોન્ટ્રાક્ટ અન્વયે ખૂબ જ ઉત્તમ ગુણવત્તાના વીજ પોલનું ઉત્પાદન કરી પ્રશંસનીય કામગીરી કરી હોવાનું જણાવેલ. કાર્યકાળ દરમિયાન કામગીરીમા સાથ અને સહકાર આપનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ તેમજ લોકાર્પણ પ્રસંગે નિવૃત્તિ અંગેનો સમારંભ ગોઠવી અને કામગીરીને મહત્ત્વ આપવા બદલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો તેમજ તમામ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મુખ્ય ઇજનેર, શ્રી પી.બી. પંડ્યા દ્વારા ભિલોડા વિભાગીય કચેરી ખાતે વર્ષ ૨૦૧૦માં કાર્યપાલક ઇજનેર તરીકે કરવામાં આવેલ કામગીરીની યાદો તાજી કરેલ, તેમજ નવીન વિભાગીય કચેરી માટે તેમના તરફથી મુકવામાં આવેલ દરખાસ્ત અન્વયે વિભાગીય કચેરીનું નિર્માણ થતા ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરી નવીન મકાનની સગવડતા મેળવવા બદલ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ અને



રથને લીલી ઝંડી



જાગૃતિ નાટક



વૃક્ષારોપણ

ગ્રાહકલક્ષી અભિગમ સાથે માનવંતા ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા આહવાન આપેલ.

ભિલોડા વિભાગીય કચેરીના લોકાર્પણ સમારંભના અધ્યક્ષ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા ભિલોડા વિભાગીય કચેરીના તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી નવીન મકાનમાં બેસી તેમની કાર્યદક્ષ કામગીરી દ્વારા માનવંતા ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપવા અનુરોધ કરેલ. ભારત દેશની સૌથી જુની પર્વતમાળા અરવલ્લીના અલ્હાદક વાતાવરણ વચ્ચે વધુ કાર્યક્ષમ કામગીરી કરીને કોરોનાના કાળમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા પણ અપીલ કરેલ. કંપની પોતાના કર્મચારીઓને તેમજ માનવંતા ગ્રાહકોને વધુ સારી સગવડો આપવા માટે હંમેશા કટિબદ્ધ હોવાનું જણાવી આગામી સમયમાં વધુ સારી કામગીરી દ્વારા કંપનીના ગ્રાહકોનો હકારાત્મક અભિગમ પ્રાપ્ત થાય તેવું વાતાવરણ સર્જવા જણાવેલ.



રંગોળી

કાર્યક્રમના અંતિમ તબક્કામાં મંચ પર ઉપસ્થિત કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ અન્ય અધિકારીઓને ખાસ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

લોકાર્પણ સમારંભના અંતમાં ભિલોડા વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર, શ્રી એચ.જે. જોશી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યકત કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્ય કરનાર તમામ કર્મચારીઓ નામી-અનામી તમામ વ્યક્તિઓનો હૃદયપૂર્વક આભાર માનેલ. શ્રી નીરવભાઈ પ્રજાપતિ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ. ભિલોડા વિભાગીય કચેરી તેમજ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ પરિશ્રમ કરવામાં આવેલ.

લોકાર્પણ સમારંભ પૂર્ણ થયા બાદ અકસ્માત નિવારણ માટેના જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વીજ અકસ્માત નિવારણ માટેના રથનું લીલી ઝંડી આપીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા પ્રસ્થાન કરવામાં આવેલ. આગામી દિવસોમાં ભિલોડા તાલુકાના ગામોમાં લોકોને વિવિધ અકસ્માત ન થાય તે માટે જાગૃત કરવાની કામગીરી હાથ ધરશે તેમજ તેમની સાથે વિવિધ અકસ્માત નિવારવા અંગેની સમજ આપતું નાટક પણ માનવંતા ગ્રાહકો સમક્ષ રજૂ કરવામાં આવશે. રથની લીલી ઝંડી આપ્યા બાદ કલાકારો દ્વારા વીજ અકસ્માત અંગે જાગૃતિ કેળવાય તે માટે સુંદર નાટકની રજૂઆત કરવામાં આવેલ. નાટક પૂર્ણ થયા બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ તેમનાં ધર્મપત્ની અને કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભિલોડા વિભાગીય કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા વિવિધ જાતના ઉપયોગી છોડ રોપવામાં આવેલ. ■

# જનસેવા કેન્દ્રનું અડાલજ ખાતે લોકાર્પણ



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ગાંધીનગર અર્બન કચેરીએ ગ્રાહકોને ઉત્તમ સેવા આપવાના સંકલ્પથી, ''જન સેવા કેન્દ્ર ગાંધીનગર''ની શરૂઆત અડાલજ પેટા વિભાગીય કચેરીએ કરેલ છે. જન સેવા કેન્દ્રનો હેતુ તમામ માનવંતા વીજ ગ્રાહકોને સિંગલ વિન્ડો ઉપર વીજલક્ષી તમામ સેવાઓ પૂરી પાડવાનો છે.

નવીન વીજ જોડાણ, નામ ફેરબદલી, પાવર વધારો/ઘટાડો, વીજ વિક્ષેપની તેવી તમામ પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવશે. જેનો હેતુ ગ્રાહકનો સમય બચાવવો અને તેમને અલગ અલગ વિભાગમાં પોતાની રજૂઆતો કરવાને બદલે માત્ર ''જન સેવા કેન્દ્ર ગાંધીનગર''માં તેમની અરજી રજીસ્ટર્ડ કરવાથી આગળની તમામ કાર્યવાહીઓ કરવામાં આવશે, તેમજ ઝડપી માર્ગદર્શન મળશે અને ગ્રાહકને તમામ પ્રકારની સુવિધાઓ એક જ જગ્યાએથી પુરી પાડવાનો ઉમદા હેતુ રહેલો છે.

જેનું ઉદ્ઘાટન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ મહેસાણાના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડયા, સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી આર. ડી. ઝાલા, ગાંધીનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર, શ્રી એ.એસ. મુલાણીની ઉપસ્થિતિમાં તારીખ ૨૯/૦૯/૨૦૨૦ના રોજ કરવામાં આવેલ. જેનો ઉદ્દેશ ગ્રાહકોને ત્વરિત ગુણવત્તાસભર સેવા આપવાના સંકલ્પને પૂરો કરવાનો છે. ■

## અભિનંદન

૧૫મી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ સાબરમતી વર્તુળ કચેરીમાં ૭૪મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી આર.ડી. ઝાલાના વરદ્ હસ્તે અડાલજ પેટા વિભાગીય કચેરી જેનું યુજીવીસીએલમાં ગ્રામ્ય વર્ગમાં ઓનલાઇન પેમેન્ટમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ પ્રશસ્તિપત્ર આપીને અડાલજ પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેર, શ્રી એ.આઈ. પટેલ તેમજ નાયબ અધિક્ષક, શ્રી જે.જી. ત્રિપાઠીને કોર્પોરેટ ઓફિસ દ્વારા પાઠવેલ સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવેલ. સફળ કામગીરી માટે યુજીવીસીએલ પરિવાર અભિનંદન પાઠવી ભાવિ કામગીરી માટે શુભેચ્છા પાઠવે છે. ■



## આવકાર



૨જી ઓક્ટોબર ગાંધીજયંતી નિમિત્તે અમદાવાદ ખાતે ગાંધી આશ્રમમાં યોજાયેલ પ્રાર્થના કાર્યક્રમમાં તાજેતરમાં કોરોનાની મહામારીને લીધે ઊભી થયેલ પરિસ્થિતિમાં યોગ્ય રીતે માસ્ક પહેરવાથી સલામતી રાખી શકાય તેવો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે ગાંધીજીની વેશભૂષામાં ખાદીનો માસ્ક પહેરીને આપણી કંપનીના કર્મચારી શ્રી રાજુભાઈ મિસ્ત્રી, આસિસ્ટન્ટ લાઈનમેન, કુડાસણ દ્વારા રજૂ કરવામાં આવેલ. અગાઉ સાબરમતી વર્તુળ કચેરી ખાતે 'સ્વચ્છ ભારત અભિયાન' વખતે ગાંધીજીની વેશભૂષામાં સ્વચ્છતા રાખવા અંગેનો સંદેશ રજૂ કરેલ. કંપનીના અદના કર્મચારી તરીકે એક મહત્ત્વનો સંદેશ લોકો સુધી પહોંચાડવાના કાર્યને યુજીવીસીએલ આવકારે છે અને આવા સુંદર સંદેશ માટે અભિનંદન પાઠવી ભવિષ્યમાં આવા લોક ઉપયોગી સંદેશા લોકો સુધી પહોંચાડવા માટે અનુરોધ કરી શુભેચ્છા પાઠવે છે. ■

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ

કુમારીકૃતિશ્રોફ, સુપુત્રીશ્રીવી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પ્રોક્યોરમેન્ટ) વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન લેવાયેલ એમ.એસ. (ઓપથેમોલોજીસ્ટ)ની પરીક્ષા બી.જે. મેડિકલ કોલેજ, ગુજરાત યુનિવર્સિટીમાંથી પાસ કરેલ છે.



કુમારી કૃતિ શ્રોફ



ચિ. વત્સલ શ્રોફ

ચિ. વત્સલ શ્રોફ, સુપુત્ર શ્રી વી.એમ. શ્રોફ, વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન લેવાયેલ એમબીબીએસની પરીક્ષા એમ.એસ. યુનિવર્સિટીમાંથી પાસ કરેલ છે.

બાળપણથી માતૃશ્રી વૃન્દાબેન શ્રોફ અને પિતાશ્રી શ્રી વી.એમ. શ્રોફ દ્વારા આપવામાં આવેલ પ્રોત્સાહન અને બાળપણની શિક્ષણ પ્રત્યે બંને બાળકોની ધગશને લીધે જ શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વની ગણાતી મેડિકલની ડિગ્રીઓ એક જ પરિવારના બે સભ્યો દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે. યુજીવીસીએલ પરિવાર ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવી અભિનંદન પાઠવે છે, ભાવિ શૈક્ષણિક અને વ્યવસાયિક કામગીરીમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવે છે. ■

# શ્રી એચ.એમ. શાહ, કાર્યપાલક ઈજનેરની સન્માનભેર નિવૃત્તિ







તા. ૩૦-૯-૨૦૨૦ના રોજ યુજીવીસીએલના રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના ટેકનીકલ વિભાગમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા, શ્રી એચ.એમ. શાહ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા તેઓને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી જે.કે. દરજીની ઉપસ્થિતિમાં સન્માન પત્ર, શાલ ઓઢાડીને સન્માન અને તેમના નિવૃત્તિ અંગેના લાભોનો ચેક અર્પણ કરીને સન્માનભેર વિદાય આપેલ.

તા. ૨૧-૧-૧૯૮૫ના રોજ જુનિયર ઈજનેર તરીકે અગાઉનું ગુજરાત વિદ્યુત બોર્ડમાં નિમણુંક મેળવી પોતાની કારકિર્દીની શરૂઆત કર્યા બાદ શ્રી શાહે, ધ્રાંગધ્રા વિભાગીય કચેરી બન્યા બાદ કંપની હિતમાં ધ્રાંગધ્રા પેટા વિભાગીય કચેરી, વિનંતીથી બદલી મેળવી નરોડા ટીએમએસ, કંપની હિતમાં કુજાડ ફરજ બજાવેલ. તા. ૧૬-૯-૨૦૦૬ના રોજ કુજાડ ખાતે જ નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવ્યા બાદ કંપની હિતમાં તલોદ, ચાંગોદર, આર.ઓ. મહેસાણા વિનંતીથી બદલી મેળવી સાંતેજ સબડિવિઝન કંપની હિતમાં ધંધુકા, થરા ખાતે બદલી મેળવી ફરજ બજાવેલ. તા. ૩૦-૯-૨૦૨૦ના રોજ નિવૃત્ત થયેલ છે. આમ ૩૩ (તેત્રીસ) વર્ષ સુધી ઈજનેર તરીકે પોતાની ફરજ બજાવેલ છે.

નિવૃત્તિ બાદનું તેમનું શેષ જીવન સુખ, શાંતિથી સમૃધ્ધ અને નિરોગી રહે તેવી યુજીવીસીએલ પરિવાર શુભેચ્છા પાઠવે છે. ■

# CGRFના સ્વતંત્ર સભ્ય તરીકે ડો. દિનેશભાઈ કાપડીયાની GERC દ્વારા નિયુક્તિ

તા. ૧૧-૯-૨૦૨૦ના રોજ 'કન્ઝ્યુમર ગ્રીવન્શીસ રીડ્રેસલ ફોરમ' (CGRF) યાને ગ્રાહક તકરાર નિવારણ પંચના સ્વતંત્ર સભ્ય તરીકે ડો. દિનેશભાઈ કાપડીયા, નિવૃત્ત જોઈન્ટ સેક્રેટરી કેડર સમકક્ષના અધિકારીની ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC) દ્વારા નિયુક્તિ કરવામાં આવેલ છે.



બીએસએએમ, એલએલબી (સ્પેશ્યલ) એમએ (સોશ્યોલોજી) તથા પીએચડીની પદવી ધરાવનાર શ્રી કાપડીયાએ એક ઉચ્ચ અધિકારી તરીકે ગુજરાત સરકારમાં વિવિધ વિભાગોમાં ૩૦ વર્ષ સુધી પોતાની ફરજ બજાવેલ છે. તેઓએ મેમ્બર સેક્રેટરી તરીકે ગુજરાત રાજ્યના બિનઅનામત વર્ગના પંચ, સામાજિક ન્યાય અને પર્યાવરણ વિભાગ, ડાયરેક્ટર, જેન્ડર રીસોર્સીસ સેન્ટર, વૂમેન એન્ડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ, ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમમાં મેનેજિંગ ડિરેક્ટર, સ્પીપા ખાતે જોઈન્ટ ડાયરેક્ટર, અન્ડર સેક્રેટરી તરીકે લીગલ ડિપાર્ટમેન્ટ, સોશ્યલ જસ્ટિસ એન્ડ એનવાર્યમેન્ટ ડિપાર્ટમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, જનરલ એડમીનીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, ઓએસડી તરીકે, મીનીસ્ટ્રી ઓફ ફોરેસ્ટ એન્ડ એનવાર્યમેન્ટ સેક્શન ઓફિસર તરીકે હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર, એગ્રીકલ્ચર, એનીમલ હસબન્ડરી, પવિત્ર યાત્રાધામ, વિકાસ બોર્ડ ખાતે ફરજ બજાવેલ છે. સ્ત્રી સશક્તિકરણ અને સામાજિકકરણ અંગેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારોમાં ભાગ લીધેલ છે.

આમ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ૩૦ વર્ષથી વધુ સમય માટે સેવાઓ આપી એક અનુભવી અધિકારી તરીકે CGRFના સ્વતંત્ર સભ્ય તરીકે ગ્રાહકોની તકરાર નિવારણની કામગીરી યશસ્વી રીતે બજાવશે તેવી આશા વ્યક્ત કરી યુજીવીસીએલ પરિવાર તેમની નિયુક્તિને આવકારે છે અને ભાવિ સફળ કામગીરી માટે શુભેચ્છા પાઠવે છે. ■

# પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાભિયાન

## (PM-KUSUM) યોજના હેઠળ ઓફ ગ્રીડ સોલાર ઊર્જા સંચાલિત પંપ સેટ મેળવો



- સદર યોજના અંતર્ગત કૃષિ હેતુ ૧, ૨, ૩, ૫, ૭.૫ અને ૧૦ હો.પા.ના સોલાર પંપનો સમાવેશ.
- યોજના લાભાર્થીને કુલ સિસ્ટમ ખર્ચના 30 ટકા રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, 30 ટકા રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે મળવા પાત્ર રહેશે તેમજ બાકીની ૪૦ ટકા રકમ લાભાર્થી એટલે કે ખેડૂતે ભરવાની રહેશે.

**વધુ જાણકારી માટે નીચે જણાવેલ કચેરી અથવા વેબસાઇટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો**

**www.ugvcl.com - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ તથા ૧૯૧૨૧**

| | | | | |
|---|---|---|---|---|
| અધિક્ષક ઈજનેરશ્રી સાબરમતી (૦૭૯) ૨૭૫૦૦૨૧૪ | અધિક્ષક ઈજનેરશ્રી મહેસાણા (૦૨૭૬૨) ૨૨૨૪૨૩ | અધિક્ષક ઈજનેરશ્રી હિંમતનગર (૦૨૭૭૨) ૨૪૦૨૬૨ | વિશેષ મુખ્ય ઈજનેરશ્રી પાલનપુર (૦૨૭૪૨) ૨૫૫૪૫૧ | સોલાર સેલ, કોર્પોરેટ ઓફિસ મહેસાણા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ |

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com